ગણદેવી માર્ગ ઉપર ડિવાઈડર સાથે ભટકાતા ટેમ્પોના વ્હીલ છુટા પડી ગયા

■ બીલીમોરા : ગણદેવી-નવસારી સ્ટેટ હાઇવે ઉપર રવિવાર સવારે કાપડના તાકા ભરેલો ટેમ્પો ડિવાઈડરમાં ભટકાતા પલટી ગયો હતો. સદનસીબે મોટી જાનહાની ટળી હતી. મુંબઈ નજીક ભીવંડીથી કાપડના તાકા ભરી કડોદરા જતો આઇસર ટેમ્પો નં ડીડી ૦૧ ૯૮૭૬ ગણદેવી નવસારી સ્ટેટ હાઇવે ઉપર દોડી રહ્યો હતો. દરમ્યાન રવિવાર સવારે અજરાઈ બસસ્ટોપ નજીક માર્ગ ઉપર ડિવાઈડર સાથે ધડાકાભેર ભટકાયો હતો. જેમાં ટેમ્પોનાં પાછલા પૈડાં છુટા પડી ડિવાઈડરમાં અટકી ગયા હતા. જ્યારે ટેમ્પો માર્ગ સાઈડે ઊંધો વળી ગયો હતો. સદનસીબે ટેમ્પો ચાલક અને ક્લીનરનો ચમત્કારીક બચાવ થયો હતો. સંભવત: ટેમ્પો ચાલક ટોલ ટેક્ષ બચાવવાના ચક્કરમાં હાઇવેથી ફંટાઈને ગણદેવીનાં માર્ગ ઉપરથી પસાર થતો હતો. જોકે આ અકસ્માતમાંમાં કોઈ ફરિયાદ નોંધાઈ નથી.

અસ્ટોલ પાણીની લાઈનમાં ભંગાણ

કપરાડા તાલુકાની જીવાદોરી સમાન લોકોનું હજારો લિટર પાણી વેડફાયું

વલસાડ : વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના જામગભાણ માંડવા ગામ નજીક અસ્ટોલ જૂથ પાણી પુરવઠા યોજનાની મુખ્ય પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લિટર પાણી વેડફાયું હતું. બારી ફળીયા નજીકથી જૂથ પાણી પુરવઠા યોજનાની મુખ્ય પાઈપલાઈન પસાર થાય છે આ પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું હતું. આથી પુરા પ્રેસર સાથે પાઈપલાઈનમાંથી પાણી લીકેજ થયું હતું. પાઈપલાઈનમાંથી સુસવાટા સાથે પાણીના ફુવારા ઉડ્યા હતા. જેથી આસપાસમાં માટીનું પણ ધોવાણ થયું હતું. અને નજીકની દુકાનમાં પણ દોડધામ મચી ગઈ હતી. અને દુકાનદારના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં પાણી પૂરું પાડતી મહત્વની અસ્ટોલ જૂથ પાણી પુરવઠા યોજના કાર્યરત છે. ત્યારે આ યોજનાની મુખ્ય પાઈપલાઈનમાં જ ભંગાણ સર્જાતા પાણી પુરવઠાને પણ તેની અસર થઈ હતી. અને કલાકો સુધી પાણીનો વેડફાટ થયો હતો. અને તંત્ર પણ દોડતું થયું હતુ. વલસાડ જિલ્લાના અસ્ટોલ યોજનાના અધિકારી સિરાઝભાઈએ જણાવ્યું કે ગ્રામ પંચાયતની કામગીરી દરમિયાન સંભવત જેસીબી દ્વારા પાઈપ લાઈનને નુકસાન થયું હોય મુખ્ય પાઈપ લાઈનમાં ભંગાણ થયું હતું. જો કે તરત પુરવઠો બંધ કરી ટેકનિકલી ટીમે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

વાપી આરતી ઈન્ડસ્ટ્રીઝ કંપનીમાં રક્તદાન શિબિર યોજાઈ

વાપી : વાપી જીઆઈડીસી ખાતે આવેલી આરતી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા દર વર્ષે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. છેલ્લા 29 વર્ષથી સફળતાપૂર્વક આયોજિત થતી રક્તદાન શિબિરની આજે 30મી શિબિર આયોજિત કરાઈ હતી. કંપની પરિસરમાં આયોજિત કરાયેલી આ શિબિરમાં વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિશનના પ્રમુખ સતિષભાઇ પટેલ, સેક્રેટરી કલ્પેશ વોરા, વાપી નોટિફાઈડ ચેરમેન યોગેશભાઈ કાબરીયા, નોટિફાઈડના માજી ચેરમેન હેમંતભાઈ પટેલ, ફેક્ટરી ઇન્સ્પેક્ટર એમ. સી. ગોહિલ, ડિશના જોઈન્ટ ડાયરેક્ટર આર. એ. પટેલ તેમજ સમગ્ર આરતી પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. આ રક્તદાન શિબિરમાં કુલ 526 યુનિટ એકત્રિત કરાયું હતું. જેમાં રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પ્રશાસક પ્રફુલ્લ પટેલે દાનહમાં વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું

વાપી : દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ્લ પટેલે જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરવા માટે સત્તાવાર પ્રવાસ કર્યો હતો. પોતાના પ્રવાસના બીજા દિવસે તેમણે જિલ્લાના અનેક મહત્વના સ્થળોની મુલાકાત લઈને નિર્માણ કાર્યનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. પ્રશાસકે નમો હોસ્પિટલ ફેઝ-2, નમો મેડિકલ કોલેજ કેમ્પસ, હોસ્ટેલ બિલ્ડિંગ, નર્સિંગ કોલેજ અને ક્લબ હાઉસ જેવા આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રના પ્રોજેક્ટ્સની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત તેમણે લાયન્સ સ્કૂલ FOB, સાયલી સ્ટેડિયમ, એસપી ઓફિસ કોમ્પ્લેક્સ અને સાયલી પોલીસ સ્ટેશન ખાતે ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. પ્રવાસ દરમિયાન તેમણે માર્ગ પરિવહન સુવિધા પર ભાર મૂકતા સાયલી-રખોલી રોડ અને અન્ય આંતરિક રસ્તાઓના કામનું પણ નિરીક્ષણ કર્યું હતું. પ્રશાસક પ્રફુલ્લ પટેલે સામરવરણી પંચાયત ઘર, મસાટ અને રખોલી સ્કૂલ તેમજ રખોલી બ્રિજની મુલાકાત લીધી હતી. તેમણે નેશનલ હાઈવે 848A ના વિવિધ સ્ટ્રેચ, પાટી સ્થિત આયુષ હોસ્પિટલ, સાતમાલિયા એન્ટ્રન્સ ગેટ અને ખડોલી-ખાનવેલ રોડના કામોની પ્રગતિ અંગે માહિતી મેળવી હતી. નિરીક્ષણ દરમિયાન પ્રશાસકે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને તાકીદ કરતા જણાવ્યું હતું કે, તમામ પ્રોજેક્ટ્સ નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ થવા જોઈએ અને કામની ગુણવત્તામાં સહેજ પણ બાંધછોડ કે બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં.

ગણદેવીની જય કિસાન હોસ્પિટલનું નામકરણ

બીલીમોરા : ગણદેવી જય કિસાન હોસ્પિટલનાં સિલ્વર જ્યુબિલી મહોત્સવ અગાઉ યુએસ સ્થિત દાતાનાં સથવારે અદ્યતન સાધન સુવિધાઓ ઉપલબ્ધ બનશે. ગણદેવીમાં રવિવારે દાતા ડો. વિજયકાન્ત પટેલનાં પરીવારનાં સન્માન વેળા હોસ્પિટલનું માતૃશ્રી સ્વ. સવિતાબેન રતિલાલ પટેલ જય કિસાન નામકરણ કરાયું હતુ. ગણદેવી તાલુકા ખેડૂત સહકારી સંઘ સંચાલિત સમાજ કલ્યાણ ટ્રસ્ટ દ્વારા ગણદેવીમાં ૨૪ વર્ષથી લોકોની પહેલી પસંદ જય કિસાન હોસ્પિટલનું નવીનીકરણ હાથ ધરાશે. તે અગાઉ રવિવારે દાતા પરીવારનાં માતૃશ્રી સ્વ. સવિતાબેન રતિલાલ પટેલ જય કિસાન હોસ્પિટલ નામકરણ કરાયું હતું. હવે ટૂંક સમયમાં સાધન સુવિધાઓ સાથે સ્પેશ્યાલિસ્ટ તબીબ સેવા હાથવગી બનશે. ગણદેવી ખેડૂત સંઘનાં પ્રમુખ ગોવિંદ પટેલે અમેરિકા સ્થિત ડો. વિજયકાન્ત રતિલાલ પટેલ અને તેમના ધર્મપત્ની બ્રિજમાલા વિજયકાન્ત પટેલનાં વતન પ્રેમને બિરદાવ્યો હતો. હોસ્પિટલમાં આજદિન સુધીમાં ૬.૭૩ લાખ દર્દીઓએ લાભ લીધો છે. વ્યવસ્થાનો લાભ છેવાડાનાં માનવીને મળે તે માટે સ્ટાફ, સાધન જેવી અનેક સુવિધાઓ અપડેટ કરવાની છે. આ પ્રસંગે દાતા પરીવારનાં પુરુષોત્તમ પટેલે દાતા ડો. વિજયકાન્ત પટેલનો સંદેશો પાઠવ્યો હતો. આ પ્રસંગે ચીખલી આલીપોર વસુધારા ડેરીનાં નવનિયુક્ત ચેરમેન રાજેશભાઇ ઉર્ફે રાજાભાઈ પટેલ, રશ્મિભાઈ પટેલ, પ્રકાશભાઈ પટેલ, લતાબેન પટેલ, રજનીબેન પટેલ, કલ્પનાબેન પટેલ, રવિભાઈ પટેલ, ડો. મોહનભાઇ પટેલ, જયરાજભાઈ, હેમુભાઇનું સન્માન કરાયું હતું. ગણદેવી સંઘમાં રઘુભાઈ પટેલ, ઉમેશભાઈ પટેલ, વિક્રમ દેસાઈ, અભિષેક પટેલ તેમજ મેનેજર પરીમલ રાવલ સહિત અનેક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

ચીખલીમાં ઉત્તરાયણ પૂર્વે પતંગના દોરાથી યુવકનું ગળું કપાતા ૧૮ ટાંકા લેવાયા

ઘેજ : ચીખલીમાં ઉત્તરાયણ પૂર્વે પતંગના દોરાથી યુવકનું ગળું કપાતા ૧૮-ટાંકા લેવાની ફરજ પડી હતી. ચીખલી તાલુકાના સારવણી ગામના સુનિલ પટેલ રવિવારની સાંજના સમયે નોકરી પૂર્ણ કરી મોટર સાયકલ પર સવાર થઈ પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન ચીખલી કાવેરી નદીના ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે કપાઈને આવેલી પતંગની દોરી તેમના ગળામાં ફસાઈ જતા ઊંડો ઘા કરી દીધો હતો. ઘટનાને પગલે સુનિલભાઈ લોહી લુહાણ હાલતમાં રોડ પર જ ફસડાઈ પડ્યા હતા. આસપાસથી પસાર થતા લોકો તાત્કાલિક તેમની મદદે દોડી આવી તેમને લોહીલુહાણ હાલતમાં ચીખલીની રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં તેમને ગળાના ભાગે ૧૮-ટાંકા લેવાની ફરજ પડી હતી. જોકે સમયસર સારવાર મળી રહેતા યુવકનો જીવ બચી જવા ગયો હતો.

બીગરીનાં દઢોરામાં ધોળે દ'હાડે દીપડાની દોડ

બીલીમોરા : બીલીમોરા નજીક ઘડીયાળનાં કાંટે ધમધમતા કોસ્ટલ હાઇવે ઉપર બીગરીનાં દઢોરા ફળીયામાં રવિવારે ધોળે દ'હાડે દીપડાની દોડ જોવાતા ચકચાર મચી હતી. વન વિભાગે દેશી-વિદેશી મરઘાનું મારણ મુકી દિપડાને પાંજરે પુરવાનો તખ્તો તૈયાર કર્યો હતો. ગણદેવી તાલુકામાં અંબિકા, કાવેરી વેંગણીયા, પનિહારી જેવી નદીઓ વહે છે. અહીંનો બાગાયતી વિસ્તાર વન્ય જીવો માટે અભયારણ્ય સમાન છે. તેમજ ગણદેવા ગામે ૧૮૦ હેક્ટર જેટલો જંગલ વિસ્તાર પણ આવેલો છે. જેમાં વસવાટ કરતા દીપડા ખોરાકની શોધમાં માનવ વસ્તીમાં આવતા હોય છે. દરમ્યાન કાંઠા વિસ્તારમાં બીગરીનાં દઢોરા ફળિયામાં રવિવારે ખેડૂત હિતેશ પટેલની વાડીમાં રખડતા ઢોરમાં હલચલ મચી હતી. ઢોરની ભાગદોડ જોતા કદાવર દીપડો જતો જોવાયો હતો. જેને પગલે બીગરી ગ્રામપંચાયત સભ્ય સ્નેહલ પટેલને જાણ કરાઈ હતી. તેમણે વન વિભાગના રાઉન્ડ ફોરેસ્ટર અંકિતા પટેલને જાણ કરતા દઢોરા ફળીયાની વાડીમાં મરઘાંનું મારણ મૂકી પાંજરું ગોઠવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ શુક્રવાર સવારે ૭:૪૫ કલાકે પણ બીગરી ગામે કોસ્ટલ હાઇવે ઉપર લટાર મારતો દીપડો દેખાયો હતો.

ધરમપુરમાં સ્વર્ગવાહી નદીમાં માછલીઓના મોતથી હડકંપ

ગટરનું ગંદું પાણી નદીમાં વહેતું હોવાની શંકા, ઉચ્ચસ્તરીય તપાસની માંગ

ધરમપુર : ધરમપુરના પટેલ ફળિયા તેમજ ઓઝરપાડા ચેકડેમ વિસ્તારમાંથી પસાર થતી સ્વર્ગવાહી નદીમાં અચાનક મોટી સંખ્યામાં માછલીઓ મરી જતાં સમગ્ર વિસ્તારમાં હડકંપ મચી ગયો છે. નદીમાં મૃત માછલીઓ તરતી નજરે પડતાં પર્યાવરણ અને પાણીની ગુણવત્તા અંગે ગંભીર ચિંતા ઊભી થઈ છે. ઘટનાની જાણ થતાં જ નદી કાંઠે સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સ્થાનિક સભ્યોએ તાત્કાલિક ધરમપુર નગરપાલિકાને જાણ કરતા પાલિકાની ટીમ સાથે ચીફ ઓફિસર સ્થળ પર દોડી આવ્યા હતા. આ દરમિયાન વિજય એટલાયા દ્વારા નદીના પાણીના સેમ્પલ લઈ લેબોરેટરી તપાસ માટે મોકલવાની સૂચના આપવામાં આવી હતી. સાથે જ ચેકડેમની ત્રણ બારી ખોલી પાણી વહેતું કરાયું હતું અને આગળની જરૂરી કાર્યવાહી કરવા પાલિકા ટીમને સૂચવાયું હતું.

વોર્ડ સભ્ય જિગ્નેશ પટેલ, બાંધકામ ચેરમેન સમીપ રાંચ, દીપકાબેન તેમજ કોંગ્રેસના પૂર્વ સભ્ય જયલેશભાઈએ જણાવ્યું હતું કે, માછલીઓના અચાનક મોતનું ચોક્કસ કારણ હજી સુધી સ્પષ્ટ થયું નથી. અગાઉ ક્યારેય આવી ઘટના ન બનતાં આ બનાવે અનેક સવાલો ઊભા કર્યા છે. સ્થાનિક લોકોએ નદીના પાણીમાંથી દુર્ગંધ આવતી હોવાની પણ ફરિયાદ કરી હતી અને "નદીનું પાણી ક્યારે સ્વચ્છ થશે..?" એવો પ્રશ્ન ઉઠાવ્યો હતો. પૂર્વ સભ્યએ વધુમાં જણાવ્યું હતું કે, સ્વર્ગવાહી નદીનું પાણી ખેતી તેમજ પીવાના હેતુ માટે અત્યંત મહત્વનું છે અને તેનું પ્રદૂષિત થવું સમગ્ર વિસ્તાર માટે ગંભીર બાબત છે.

દહાડમાં સગીરાના હત્યારાની સાથે ઘટનાનું રી-કન્સ્ટ્રક્શન

એક તરફી પ્રેમમાં પડેલા આરોપીએ સગીરા ટ્યુશન ક્લાસમાંથી ઘરે જતી હતી ત્યારે રસ્તામાં રોકીને હત્યા કરી હતી

ઉમરગામ : ઉમરગામના દહાડમાં ધોળા દિવસે સગીરાનું ગળું કાપી ઘાતકી હત્યા કરનાર ફરાર આરોપી પંકજ પાસવાન 4 વર્ષે પકડાયો છે. પોલીસે આરોપીને સાથે રાખી ગુનાની જગ્યાએ લઈ જઈ ઘટનાનુ રી-કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું છે. આરોપી એક તરફી પ્રેમમાં હતો પણ સગીરા તેની સાથે સંપર્ક રાખવા માગતી ન હોય હત્યા કરી હતી.

ઉમરગામ શહેરના ગાંધીવાડી ચિત્રકૂટમાં રહેતા પરિવારની 17 વર્ષની સગીરાને પડોશી આરોપી પંકજ યોગેન્દ્ર પાસવાન (મૂળ રહે બિહાર) એક તરફી પ્રેમ કરતો હતો. તારીખ 25 ઓગસ્ટ 2022 ના રોજ સગીરા ઉમરગામના દહાડ ટ્યુશન ક્લાસમાં ગઈ હતી અને પરત પોતાની સ્કુટી ઉપર ઘરે આવવા નીકળી હતી ત્યારે નાની દહાડ રોડ ઉપર ધોળા દિવસે આરોપી પંકજ પાસવાન અને તેના બે સગીર મિત્રોએ રસ્તામાં રોકી હતી. આરોપી પંકજ પાસવાન બોલા ચાલી કરવા લાગ્યો હતો અને ચપ્પુ જેવા તિક્ષણ હથિયારથી શરીરના તથા ગળાના ભાગે ઘા ઝીકી સગીરાને મોતને ઘાટ ઉતારી તેના મિત્રો સાથે નાસી ગયો હતો. આ ખૂનનો ગુનો ઉમરગામ પોલીસ સ્ટેશનમાં દાખલ થયો હતો.

જે તે સમયે બે સગીરોને પકડી પડાયા હતા. જ્યારે મુખ્ય આરોપી પંકજ પાસવાન ફરાર હોય તેની શોધખોળ ચાલી રહી હતી અને પોલીસને મળેલી બાતમીના આધારે પંજાબ રાજ્યમાંથી તેને પકડી લવાયો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં તેને હત્યાની કબુલાત કરી છે અને તે પકડાઈ જવાના ડરથી અલગ અલગ રાજ્યોમાં જઈ નામો બદલીને રહેતો હતો. પકડાયેલા મુખ્ય આરોપી પંકજ યોગેન્દ્ર પાસવાનને કોર્ટમાં રજૂ કરી ઉમરગામ પોલીસે 6 દિવસના તારીખ 15 જાન્યુઆરી સુધીના રિમાન્ડ મેળવ્યા છે. કેસની વધુ તપાસ ઉમરગામના પીઆઈ એસ.ડી ચૌધરી કરી રહ્યા છે.

શિક્ષિકાને ત્રાસ આપનાર પતિ વિરૂધ્ધ ફરિયાદ

છીરીમાં પતિની ગાડીમાં અન્ય સ્ત્રીને બેઠેલી જોઈ અને તેના ઘર સુધી પીછો કરતા ઝઘડો કર્યો હતો

વાપી : વાપીના છીરીમાં શિક્ષિકાને પતિ દ્વારા 10 વર્ષથી શારીરિક-માનસિક ત્રાસ આપતો હોવાની અને થોડા દિવસ પહેલા જ પતિની ગાડીમાં અન્ય સ્ત્રીને બેસેલી જોઈ લેતા શિક્ષિકાએ સ્ત્રીના ઘર સુધી પહોંચી ઝઘડો કર્યો હતો. તે સમયે પતિ પણ આવી જતા માર મારી હતી. આ બનાવ અંગેની ફરિયાદ શિક્ષિકાએ વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.

હાલ વાપી નજીકના છીરીમાં રહેતી શિક્ષિકા ઈંગ્લિશ હાઈસ્કૂલમાં નોકરી કરે છે. થોડા દિવસ પહેલા નવ વર્ષીય પુત્રને લઈ રાત્રીના સમયે તે છીરીથી ગુંજન સામાનની ખરીદી કરવા માટે રિક્ષામાં બેસી જઈ રહી હતી. તે સમયે છીરી નહેર પાસેના માર્ગ ઉપર પતિની ગાડીમાં તેણે કોઈ સ્ત્રી બેસેલી જોઈ હતી. જેથી રિક્ષા થોભાવી તે ગાડી પાસે પહોંચી તે સમયે ગાડીમાં બેસેલી સ્ત્રી નીચે ઉતરી ગઈ હતી. પતિ ગાડી લઈને ગુંજન તરફ જતો રહ્યો હતો. જે બાદ સ્ત્રીનો પીછો કરતા તે છીરી દેસાઈવાડ સ્થિત સૃષ્ટિ કોમ્પ્લેક્સમાં પહોંચી તેની સાથે ઝઘડો કર્યો હતો. થોડા સમયમાં પતિ ત્યાં આવી ગયો હતો અને તેણે શિક્ષિકાને મારી હતી. બાદમાં તેને ઘરે લઈ જઈને ફરીથી ઢીક્કામુક્કીનો માર માર્યો અને દિવાલ સાથે અથડાવતા માથા તથા આંખના ભાગે ઈજાઓ પહોંચતા બેભાન થઈ ગઈ હતી.

હોંશમાં આવી ત્યારે આખી હકીકત દિલ્હીમાં રહેતા પિતાને કરી હતી. ત્યારબાદ શિક્ષિકાને ચલા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે પહોંચી હતી. દિલ્હીથી પિતા અને ભાઈ વાપી આવી પહોંચ્યા હતા. બાદમાં શિક્ષિકાએ પતિ છેલ્લા 10 વર્ષથી શારીરિક-માનસિક ત્રાસ આપતો હોવાનું અને બોલાચાલી કરી ઝઘડો કર્યાની ફરિયાદ વાપી ડુંગરા પોલીસ મથકમાં નોંધાવી હતી.

નવસારીમાં ફૂડ એન્ડ કાઈટ ફેસ્ટિવલ-2026નું આનંદભેર ઉદ્ઘાટન

સી.આર. પાટિલ અને નરેશ પટેલની ઉપસ્થિતિમાં વેબસાઇટ, 'નવસારી કનેક્ટ' એપ અને કોફી ટેબલ બુકનું વિમોચન

ગીતા રબારીના લોકસૂરોથી ગુંજ્યું મેદા

નવસારી : નવસારી મહાનગરપાલિકા દ્વારા આયોજિત ફૂડ એન્ડ કાઈટ ફેસ્ટિવલ-2026નું ભવ્ય ઉદ્ઘાટન સાંઈ ગરબા ગ્રાઉન્ડ ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને નવસારીના સાંસદ સી.આર. પાટિલ તથા મંત્રી નરેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં વિધિવત રીતે કરવામાં આવ્યું હતું. નગરજનો, પરિવારજનો અને યુવાનોની મોટી સંખ્યામાં હાજરી સાથે ઉત્સવની શરૂઆત આનંદ અને ઉત્સાહભેર થઈ હતી.

આ પ્રસંગે મહાનગરપાલિકાની નવી વેબસાઇટ તથા "નવસારી કનેક્ટ" મોબાઈલ એપ્લિકેશનનું અનાવરણ મંત્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતુ, જેથી નાગરિકોને મહાનગરપાલિકાની સેવાઓ અંગે માહિતી મેળવવી વધુ સરળ બનશે. સાથે જ નવસારીના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને વિકાસયાત્રાને સુંદર રીતે રજૂ કરતી કોફી ટેબલ બુકનું પણ વિમોચન કરાયું હતુ.

ઉદ્ઘાટન સંબોધનમાં સી.આર. પાટિલે નવસારી જિલ્લામાં થઈ રહેલા સર્વાંગી વિકાસ, જળસંચય અને સ્વચ્છતા ક્ષેત્રે થયેલી પ્રગતિની સરાહના કરી હતી. કાર્યક્રમ દરમિયાન લોકગાયિકા ગીતા રબારીની મધુર અને જીવંત સંગીત પ્રસ્તુતિ ઉપસ્થિત નાગરિકો માટે ખાસ આકર્ષણ બની રહી. તેમના લોકગીતોના સુરીલા સૂરોએ સમગ્ર મેદાનને આનંદ અને ઉત્સાહથી ભરી દીધું હતું, જેને ઉપસ્થિત સૌએ તાળીઓથી વધાવ્યું હતુ. આ ઉદ્ઘાટન કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રે, મહાનગરપાલિકા કમિશનર દેવ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી પુષ્પલતા, નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ તેમજ મહાનગરપાલિકાના અધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સામાજિક આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

અંભેટીમાં રોડ ક્રોસ કરતા ઈસમનું ટ્રક અડફેટે મોત

વલસાડ : નાનાપોંઢા તાલુકાના અંભેટી ખાતે સુખાલા કોપરલી માર્ગ ઉપર રોડ ક્રોસ કરી રહેલા આધેડને ટ્રક ચાલકે અડફેટે લેતા મોત નીપજ્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અંભેટી રોહિતવાસ ખાતે રહેતા હીરા મોરારભાઈ ઘર નજીક રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન પસાર થતી ટ્રકના ચાલક કાર્થક નારાયણન (રહે. નેશીમેડુ, સેલમ, તમિલનાડુ)એ તેમને અડફેટે લેતા શરીરના ભાગે ગંભીર ઈજા થતા 108માં વાપી હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. ઘટના અંગે પ્રગ્નેશ હીરા રોશને ટ્રક ચાલક સામે નાનાપોંઢા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. અંભેટી ગામના રહીશ અને કપરાડા તા.પં. સભ્ય વિજયભાઈએ જણાવ્યું કે, વાપી-નાનાપોંઢા વચ્ચે બે પુલ ભારે વાહનો માટે બંધ હોય કન્ટેનરો, મહાકાય ટ્રકો આંતરિક માર્ગે પસાર થતા હોય વળી પૂરપાટ ઝડપે જતા હોય અકસ્માતો વધી રહ્યા છે. આજે અમારા ગામના ઈસમને ટ્રક ચાલકે અડફેટે લેતા મોત નીપજ્યું છે.

પોલીસે ૨૦ કિમી પીછો કરી તસ્કરોને દબોચ્યા

ડાંગ એલ.સી.બી.એ અઢી વર્ષથી હાથતાળી આપતા કુખ્યાત 'ચામઠા ગેંગ'ના બે સાગરીત ઝડપ્યા

ગુજરાતના અનેક જિલ્લાના ચોરીના ભેદ ઉકેલાયા

સાપુતારા : ડાંગ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ રાજ્યની સરહદો ઓળંગીને ઘરફોડ ચોરી કરતી કુખ્યાત ચામઠા ગેંગ પર સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. છેલ્લા અઢી વર્ષથી ગુજરાત અને રાજસ્થાન પોલીસને હંફાવતા બે રીઢા ગુનેગારોને ડાંગ પોલીસે ફિલ્મી સ્ટાઈલે રાજસ્થાનના ડુંગરપુરથી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. સુરત રેન્જ IG પ્રેમવીર સિંહ અને ડાંગ SP પૂજા યાદવની સૂચના હેઠળ LCB PSI જે.જી. અનડકટ અને તેમની ટીમે આ ઓપરેશન પાર પાડ્યુ હતુ. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે સાપુતારા ચોરીનો મુખ્ય સૂત્રધાર લાલજી શિવાજી નટ તેના વતન રાજસ્થાનના કબ્જા ગામે છુપાયેલો છે. પોલીસે જ્યારે લાલજીના ઠેકાણે દરોડો પાડ્યો ત્યારે તે તેના સાથીદાર સાથે બાઈક પર ભાગવા લાગ્યો હતો. ડાંગ LCB ની ટીમે હિંમત હાર્યા વગર આશરે ૨૦ કિલોમીટર સુધી તેનો પીછો કર્યો અને અંતે બંનેને કોર્ડન કરી ઝડપી લીધા હતા. પકડાયેલા શખ્સોમાં લાલજી શિવાજી નટ (રહે. ડુંગરપુર, રાજસ્થાન) તથા સુદર્શન ઉર્ફે સુરેશ ચંદુ ચામઠા (રહે. ઝાલોદ, જી. દાહોદ)ની અટક કરેલી છે.

પોલીસની આગવી ઢબે પૂછપરછમાં આરોપીઓએ પોપટની જેમ ગુના કબૂલ્યા હતા. તેમની પાસેથી રોકડ અને મોબાઈલ સહિત કુલ રૂપિયા ૨૮,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આ ગેંગે માત્ર ડાંગ જ નહીં, પરંતુ પાટણ, ગાંધીનગર અને ગુજરાતના અન્ય જિલ્લાઓમાં ઘરફોડ ચોરી કરી હોવાનું કબૂલ્યુ છે. એલ.સી.બી.એઆ બંને આરોપીઓને સાપુતારા પોલીસને હવાલે કર્યા છે.

રોહિયાળ જંગલ પુલ ઉપર ટેમ્પોમાંથી ખેરના લાકડા ઝડપાયા

વલસાડ : કપરાડા તાલુકાના ફતેપુર રેન્જના આરએફઓ અને ટીમે મહારાષ્ટ્ર તરફથી આવી રહેલી પિકઅપમાંથી રૂપિયા 48,744 કિંમતના ખેરના લાકડા ઝડપી પાડી વાહનની કિંમત રૂપિયા 2 લાખ મળી રૂપિયા 2.48 લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. વન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ ફતેપુર રેન્જના આરએફઓ કૌશિક પટેલને બાતમી મળી હતી કે, મહારાષ્ટ્ર તરફથી ખેર ભરેલી પિકઅપ આવી રહી હોય ટીમે મહારાષ્ટ્ર તરફથી ગુજરાતમાં આવતા રોહિયાળ જંગલ તરફ જતા પૂલ ઉપર નાકાબંધી કરી હતી. દરમિયાન પિકઅપ આવતા અટકાવવાનો પ્રયાસ કરતા ચાલકે વાહન ભગાડી માર્ગની બાજુના ઝાડ સાથે અથડાવી દીધી હતી. તપાસ દરમિયાન રૂપિયા 48,744 ની કિંમતના ખેરના 26 નંગ કુલ ઘન મીટર 1.354 મળી આવ્યા હતા, જોકે ચાલક અંધારાનો લાભ લઈ ભાઈ છૂટ્યો હતો. વનવિભાગે લાકડું અને વાહન મળી રૂપિયા 2,48, 744 લાખનો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી હતી.